| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૦૩ | ૦૩ | ૨૦૨૩ |
| દાખલ તારીખ: | ૦૩ | ૦૩ | ૨૦૨૩ |
| ફેસલ તારીખ : | ૧૮ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૧ | ૧૫ |

**27th Additional Chief Judicial Magistrate Court,**
**(Spe. N.I. Court No. 47) , Ahmedabad City.**

**ફોજદારી કેસ નં.૧૯૬૬૬/૨૦૨૩.**
**આંક– ૧૯.**

**ફરીયાદી**
**શ્રી સ્વાશ્રયી મહિલા નાગરિક ધીરાણ સેવા સહકારી મંડળી લી.**
રહે.ઠે.૭૦૨, સાતમો માળ,સાકાર–૪,
એમ.જે.લાઈબ્રેરીની સામે, આશ્રમ રોડ, અમદાવાદના વતી અને
તરફથી તેમના અધિકૃત અધિકારી
શ્રીમતી બાણાવળી કલ્પના મનિષકુમાર.

**વિરુધ્ધ**

**આરોપી**
**રાજેશ એ.પરમાર.**
રહે.૨૮૬૯, દલાલનો ટેકરો, ખેડા.

**<u>ગુન્હો : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ – ૧૩૮ મુજબ</u>**

---

ફરીયાદી તરફે વિ. વકીલ શ્રી : પી.એ.પરમાર.
આરોપી તરફે વિ. વકીલ શ્રી : પી.જી.રણા.

---

## :: JUDGEMENT ::

(૧.૦) ફરીયાદીની હાલની ફરીયાદની હકીકત એવી છે કે : આ કામના ફરીયાદી શ્રી સ્વાશ્રયી મહિલા નાગરીક ધીરાણ સેવા સહકારી મંડળી લી. અમદાવાદના ઓથોરાઇઝ પર્સન છે. ફરીયાદીને આરોપી સામે ફરીયાદ દાખલ કરવા સત્તા અને અધિકાર આપવામાં આવેલ છે. ફરીયાદી આરોપીના ફરીયાદી મંડળી સાથેના વ્યવહારોથી સંપૂર્ણ માહિતગાર છે. આરોપી અને ફરીયાદી વચ્ચે સારા સબંધો હોઇ તેમજ આરોપીના માતા મધુબેન અમરભાઇ પરમાર તેઓની મંડળીના સભ્ય હોઇ આરોપીના માતાને વારંવાર નાણાંની જરૂરીયાત ઉપસ્થીત થતા આરોપીના માતા ફરીયાદી પાસેથી લોન મેળવતા તે રીતે આરોપીના માતાએ ફરીયાદી સાથે નાણાંકીય સબંધો પણ વિકસાવેલ છે. વધુમાં આરોપીના માતાને આશરે ફેબ્રુઆરી–૨૦૨૦માં ભેંસ ખરીદવાની હોઇ નાણાંની જરૂરીયાત ઉપસ્થીત થતા ફરીયાદી મંડળીને લોન આપવા વિનંતી કરતા તેઓની મંડળીએ જરૂરી પુરાવાની માંગણી કરેલ અને જે સાથે આરોપીના માતાએ સદર માંગ્યા મુજબના પુરાવા આપ્યેથી તેમજ બે ગેરન્ટર આપ્યેથી ફરીયાદી મંડળીએ આરોપીના માતા મધુબેન એ.પરમારને તા.૨૧–૦૨–૨૦૨૦ના રોજ રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ની રકમની લોન આપેલ. જેનો લોન ખાતા નં.૦૦૧૦૦૫૦૧૪૦૦૦૧૭૦ છે. તેમજ સદર લોન વાર્ષીક ૨૪ ટકાના વ્યાજે આપવામાં આવેલ. જેમાં આરોપીના માતાએ ફરીયાદીને માસીક રૂ.૧૯૦૦/– ની રકમનો હપ્તો ચુકવવાનો રહેતો. પરંતુ આરોપીના માતાએ ફરીયાદીના હપ્તાઓ શરૂઆતમાં યોગ્ય રીતે ચુકવેલ. ત્યારબાદ ઘણી વખત અનિયમીતતા દાખવેલ છે. તેમજ વારંવાર જાણ કરવા છતા યોગ્ય સમયે ચુકવણીઓ કરેલ નથી. વધુમાં આરોપીના માતાએ ફરીયાદીની લેણી રકમ પેટેની રકમમાંથી છેલ્લે હપ્તા પેટે માત્ર રૂ.૫૦૦/– ની કુલ રકમ તા.૨૬–૦૭–૨૦૨૨ના રોજ રોકડેથી ચુકવેલ છે. ત્યારબાદ કોઇ રકમ ચુકવેલ નથી. આ કામના આરોપી તેઓની માતાના જામીન હોવાના નાતે સદર રકમની ચુકવણી કરવા સારુ ફરીયાદીને એકસીસ બેંક, સોખડા શાખાનો તા.૦૬–૦૧–૨૦૨૩ના રોજનો ચેક નં.૦૭૭૬૦૯,

રૂા.૨૭,૩૩૪/– ની રકમનો આપેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, આરોપીની સુચના મુજબ ફરીયાદીએ સદર ચેક તેઓની બેંક ઓફ બરોડા, મણીનગર શાખામાં આવેલ ખાતામાં ભરતા તા.૦૯–૦૧–૨૦૨૩ના રોજ ''એકાઉન્ટ બ્લોકડ''ના શેરા સાથે પરત ફરેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, એ રીતે ચેક રીટર્ન આવ્યા બાદ ફરીયાદીએ તેમના વકીલ મારફત ધોરણસરની ડિમાન્ડ નોટીસ રજીસ્ટર એડી પોસ્ટના માધ્યમથી તા.૨૦–૦૧–૨૦૨૩ના રોજ આરોપીને મોકલેલ. જે નોટીસ આ કામના આરોપીને તા.૨૪–૦૧–૨૦૨૩ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ સદર નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે લેણી રકમ વસુલ આપેલ નથી.

**(૧.૧)** એ રીતે લેણી રકમ સંબંધે આપેલ ચેક ''એકાઉન્ટ બ્લોકડ''ના શેરા સાથે પરત ફરેલ તે પછી ધોરણસર ડિમાન્ડ નોટીસ આપવા છતાં લેણી રકમ વસુલ નહીં આપી આરોપીએ ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ–૧૩૮ અન્વયેનો ગુન્હો કરેલો હોવાના આક્ષેપ સાથે ફરીયાદીએ હાલની ફરીયાદ રજુ રાખી આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરવા તથા સજા અને દંડ કરવા તથા વળતર અંગે આદેશ કરવા અરજ કરેલ છે.

**(૨.૦)** ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ તથા સાથે સામેલ દસ્તાવેજી પુરાવા અને ફરીયાદીના વેરીફીકેશનને ધ્યાને લઈ ગુન્હાનું કોગ્નીઝન્સ લેવામાં આવેલ અને આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતા આરોપીને કેસ પેપર્સની નકલો આપી, આક્ષેપિત ગુન્હા અંગે તથા ફરીયાદ હકીકત અંગે તેઓને સમજ આપી **આંક–૦૭**ની વિગતે આરોપીની પ્લી લીધેલ. જેમાં તેમણે ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૨.૧)** રેકર્ડ મુજબ આ કામે આરોપીની પ્લી વિસ્તારપૂર્વક નોંધવામાં આવેલ છે તથા ફરીયાદીને પુરાવો રજુ કરવા માટે અને આરોપીને તેમનો બચાવ પ્રસ્તુત કરવા માટે વિસ્તારપૂર્વક તક આપવામાં આવેલ છે, તેમજ પુરાવો પણ વિસ્તારપૂર્વક નોંધવામાં આવેલ છે, એ રીતે આ કેસની ઈન્સાફી કાર્યવાહી 'સમંસ ટ્રાયલ' પદ્ધતી મુજબ ચાલેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા

સમયે પણ ટ્રાયલ 'સમંસ ટ્રાયલ' પદ્ધતી મુજબ ચલાવવા અંગેનો હુકમ થયેલો છે.

**(૩.૦) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૩ | ફરીયાદીની સોગંદ ઉપર સરતપાસ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | અસલ ચેક નં.૦૭૭૬૦૯ |
| ૨ | ૦૯ | ચેક રીટર્ન મેમો |
| ૩ | ૧૦ | આરોપીને મોકલેલ ડિમાન્ડ નોટીસની ઓફીસ કોપી |
| ૪ | ૧૧ | નોટીસ આર.પી.એડી કર્યા અંગેની સ્લીપ |
| ૫ | ૧૨ | પોષ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ |
| ૬ | ૧૩ | આરોપીના લોન ખાતાનું સ્ટેટમેન્ટ |
| ૭ | ૧૪ | લોન એપ્લીકેશન ફોર્મ તેમજ તેને સંલગ્ન ડોકયુમેન્ટની નકલ |
| ૮ | ૧૫ | ફરીયાદીના આધાર કાર્ડની નકલ |
| ૯ | ૧૬ | ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા આપેલ સત્તા અંગેનો અસલ ઠરાવ |

**(૩.૧)** નામદાર સર્વોચ્ચ અદાલતે 'ઈન્ડિયન બેંક એસોશીયેશન એન્ડ અધર્સ વિ. યુનીયન ઓફ ઇન્ડિયા (Writ petition no.18/2013) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ ગાઇડલાઇન મુજબ આ કામે કોગ્નીઝન્સ લઇ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે, આ સંજોગોમાં ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો સંબંધે ઉલટતપાસ કરવા માંગતા હોય તો તે માટે આરોપીએ રજુઆત કરવી જોઇએ પરંતુ આરોપીએ આવી કોઇ રજુઆત કરેલ નથી, આરોપીની હાજરી માટે તેઓ પાસેથી જામીન લેવામાં આવેલ છે તેમ છતાં પ્લી રેકર્ડ થયા બાદ તેઓ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીએ રજુ કરેલ પુરાવા સંબંધે આરોપી ફરીયાદીની કોઇ ઉલટતપાસ કરવા માંગતા નથી

તેવું માની ફરીયાદીની ઉલટતપાસનો આરોપીનો હકક બંધ કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ છે.

**(૪.૦)** ફરીયાદીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ રજુ થયેલ પુરાવા સંબંધે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોય તેથી આરોપી ફરીયાદીએ રજુ કરેલ પુરાવા સંબંધે કોઈ ખુલાસો કરવા માંગતા નથી તે બાબતી નોંધ વિશેષ નિવેદન લગત કરવામાં આવેલ છે.

**(૫.૦)** ફરીયાદીના વિ. વકીલશ્રી હાજર છે, તેઓની મૌખિક દલીલ સાંભળેલ છે જે મુખ્યત્વે કાયદાના સ્થાપિત સિદ્ધાંતો તથા રજુ થયેલ પુરાવા પર આધારીત છે. આરોપી તરફે કોઈ હાજર નથી તેથી આરોપી તરફે કોઈ દલીલ નથી તે બાબતની નોંધ કરવામાં આવેલ છે અને કામ હુકમ માટે હાથ પર લીધેલ છે.

**(૬.૦)** કેસની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

૧. શું ફરીયાદી વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, તેઓની કાયદેસરની લેણી રકમ પેટે આ કામના આરોપીએ તેઓને ફરીયાદમાં જણાવેલ વિગત વર્ણનવાળો ચેક આપેલ હતો અને જે ચેક ફરીયાદીએ પોતાની બેન્કમાં વસુલાત અર્થે રજુ કરતા ચેક ''એકાઉન્ટ બ્લોકડ''ના કારણે પરત ફરેલ હતો અને ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપેલ હોવા છતાં ફરીયાદીની કાયદેસરની લેણી રકમ નહી ચુકવી આરોપીએ **ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો** શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૬.૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

૧. હકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**(૭.૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.**

**:: કારણો ::**

**મુદ્દા નં.૧ :–**

**(૭.૧)** ક્રિમીનલ જ્યુરીસ્પૃડન્સના સિદ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર છે, ફરીયાદપક્ષ જ્યાં સુધી આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો વ્યાજબી શંકાઓથી પર પુરવાર ન કરે ત્યાં સુધી એવું અનુમાન કરવાનુ રહે છે કે આરોપી નિર્દોષ છે. આ કામે ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ–૧૩૮ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, આ પ્રકારનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે પણ સાબિતીનો પ્રાથમિક બોજો ફરીયાદી પર જ છે, પરંતુ કાયદાની કલમ–૧૩૯ માં કેટલીક બાબતો સંબંધે અનુમાન કરવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે, જે અમુક અંશે ફરીયાદી ઉપર રહેલ સાબીતીના બોજને ઘટાડે છે. તેથી ઉપલબ્ધ પુરાવાને મુલ્યાંકનમાં લેતા પહેલા કલમ–૧૩૯ ની જોગવાઈ તથા તે અન્વયે થનાર અનુમાન ક્યાં સુધી વિસ્તરે છે તે સમજવા માટે આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે **'Rangappa v. Sri Mohan (2010 (11) SCC 441)'** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે '**કાયદેસર વસુલ થઈ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સંબંધે પણ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે.**' આ સંબંધે નામદાર કોર્ટે ચુકાદામાં નીચે મુજબ નોંધેલ છે.

The presumption mandated by section 139 includes a presumption that **there exists a legally enforceable debt or liability.** This is of cource in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defense wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the respondent complainant.

**(૭.૨)** નામદાર સર્વોચ્ચ અદાલતે 'Bir Singh v. Mukesh kumar, Reported in-2019 (4) SCC 197' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબક્કે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે કાયદાની જોગવાઇ તથા અનેક ચુકાદાઓ ધ્યાને લીધા બાદ ઠરાવેલ છે કે, ચેકમાં રહેલ સહી આરોપીની હોવાનું તથા તે રીટર્ન થયાનું પુરવાર કરવામાં આવે તે પછી કલમ–૧૩૯ મુજબ ચેક 'દેવુ અગર જવાબદારી અદા કરવાના બદલામાં ઇશ્યુ કરવામાં આવેલ હતો' તેવુ ધારકની ફેવરમાં અનુમાન કરવાનુ રહે છે અને સાબીતીનો ભાર આરોપી પર ખસે છે. આ સંબંધે પેરા–૩૭ માં નામદાર કોર્ટે નીચે મુજબ નોંધેલ છે.

A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Section 20, 87 and 139, makes it amply clear that **a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption** that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that **the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

**(૭.૩)** **'M. S. Narayana Menon Alias Mani v. State of Kerala and Anr. (2006 (6) SCC 39) '** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબક્કે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી એ જાતે પુરાવો આપવો આવશ્યક નથી, ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આરોપી આધાર રાખી શકે છે. એ હકીકત છે કે આરોપી એ માત્ર સંભવીતતાની શકયતા (preponderance of probabilities) દર્શાવવાની રહે છે તેમજ તેના માટે આરોપી ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આધાર રાખી શકે છે, પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદાઓ થકી એ બાબત સ્પષ્ટ કરેલ છે કે આરોપીએ પ્રોબેબલ ડીફેન્સ મુકવો જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલત 'Rohitbhai Jivanlal Patel v. State of Gujrat (AIR 2019 SC

1876)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ સંબંધે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં ફરીયાદીની આવકના સ્ત્રોત સંબંધેનો કોઇ પુરાવો ઉપલબ્ધ ન હોવાના કારણે તેથા ચેકની જે એમાઉન્ટ હતી તે આરોપીને આપવામાં આવેલ રકમ કરતા ઓછી હતી અને બાકીની રકમ અંગે કોઇ ખુલાસો રેકર્ડ પર ઉપલબ્ધ ન હતો તથા ફરીયાદીએ આરોપીને આપેલ રકમ અંગે કોઇ કાચી નોટ કે પ્રોમીસરી નોટ વિગેરે મેળવેલ ન હતી વિગેરે મુદ્દાઓ આધારે ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવતો હુકમ કરેલ હતો, તે સંદર્ભે નામદાર કોર્ટે ઠરાવેલ છે કે આ કાયદા હેઠળની કાર્યવાહીમાં કલમ–૧૩૯ નું પ્રિઝમ્પ્શન છે તેથી આ બાબતો ફરીયાદીના પુરાવાનું ખંડન કરવા માટે પર્યાપ્ત નથી.

**(૭.૪)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત 'Saroj kumar Poddar v. State (Govt of Nct of Delhi) (2007 (3) SCC 693)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પણ ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે કલમ–૧૩૮ ના તત્વો એટલે કે કલમ–૧૩૮ નો ગુન્હો પુરવાર કરવા માટે કઇ કઇ બાબતો આવશ્યક છે તેની નોંધ કરેલ છે. સમગ્રપણે આ તમામ ઓથોરીટીમાં નામદાર કોર્ટે ઠરાવેલ બાબતો અને કાયદાની જોગવાઇ ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે ચેકમાં રહેલ સહી આરોપીની હોવાનું પુરવાર થયે તથા ચેક રીટર્ન થયાની પ્રોસેસ અને ત્યાર બાદ આરોપીને નોટીસ પાઠવવામાં આવેલ હોવાનું પુરવાર થયે તથા ચેક અન્ય તમામ રીતે વેલીડ હોવાનુ રેકર્ડ પર આવ્યે કલમ–૧૩૯ નું અનુમાન કરવાનુ રહે છે, જે અનુમાન કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સુધી વિસ્તરે છે અને તેના લીધે સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે. એ હકીકત છે કે આરોપી કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ જાતે પુરાવો આપવો જરૂરી નથી, તેઓ ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર આધાર રાખી શકે છે, પરંતુ તેના માટે **પ્રોબેબલ ડીફેન્સ રજુ થવો જરૂરી છે.**

**(૭.૫)** ઉપરોક્ત કાયદાની જોગવાઇ તથા નામદાર કોર્ટના ચુકાદામાં ઠરાવેલ બાબતો નજર સમક્ષ રાખી ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ. આ કામે ફરીયાદ હકીકતના સમર્થન માટે ફરીયાદીએ **આંક–૦૩થી** સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે, જે ફરીયાદીનો

મૌખિક પુરાવો છે, જેમાં ફરીયાદ હકીકત મુજબના કથનો છે. ફરીયાદ હકીકતની વિસ્તારપૂર્વક નોંધ આ હુકમના પ્રથમ પેરામાં કરેલ છે આ સંજોગોમાં તેનુ રીપીટેશન યથાવત રીતે નહી કરતા માત્ર ટુંકમાં નોંધવામાં આવે તો, **ફરીયાદીએ સ્પષ્ટ પુરાવો આપેલ છે કે :** આ કામના આરોપીના માતાને આશરે ફેબ્રુઆરી–૨૦૨૦માં ભેંસ ખરીદવાની હોઇ નાણાંની જરૂરીયાત ઉપસ્થીત થતા ફરીયાદી મંડળીને લોન આપવા વિનંતી કરતા ફરીયાદી મંડળીએ આરોપીના માતા મધુબેન એ.પરમારને તા.૨૧–૦૨–૨૦૨૦ના રોજ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ની રકમની લોન વાર્ષીક ૨૪ ટકાના વ્યાજે આપવામાં આવેલ. જેમાં આરોપીના માતાએ ફરીયાદીને માસીક રૂા.૧૯૦૦/– ની રકમનો હપ્તો ચુકવવાનો રહેતો. પરંતુ આરોપીના માતાએ ફરીયાદીના હપ્તાઓ શરૂઆતમાં યોગ્ય રીતે ચુકવેલ. ત્યારબાદ ઘણી વખત અનિયમીતતા દાખવેલ છે. તેમજ વારંવાર જાણ કરવા છતા યોગ્ય સમયે ચુકવણીઓ કરેલ નથી. વધુમાં આરોપીના માતાએ ફરીયાદીની લેણી રકમ પેટેની રકમમાંથી છેલ્લે હપ્તા પેટે માત્ર રૂા.૫૦૦/– ની કુલ રકમ તા.૨૬–૦૭–૨૦૨૨ના રોજ રોકડેથી ચુકવેલ છે. ત્યારબાદ કોઇ રકમ ચુકવેલ નથી. આ કામના આરોપી તેઓની માતાના જામીન હોવાના નાતે સદર રકમની ચુકવણી સંદર્ભે આરોપીએ વાદગ્રસ્ત ચેક ઈશ્યુ કરેલ હતો. જે ચેક ''એકાઉન્ટ બ્લોકડ'' નાં શેરા સાથે પરત આવેલ છે. **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ – ૧૩૯ મુજબ ચેક દેવા અગર જવાબદારીના સંદર્ભમાં મેળવવામાં આવેલ હતા તેવુ અનુમાન કરવાનુ રહે છે.** આ કામે ફરીયાદીએ તેમના મૌખિક પુરાવા થકી તકરારી ચેક આરોપીએ ફરીયાદી પાસેથી આરોપીની માતાએ લીધેલ લોનની રકમની ચુકવણીની જવાબદારી સબંધે આપેલ હોવાનું કથન કરેલ છે. ફરીયાદીના પુરાવા થકી એ બાબત પણ પુરવાર થયેલ છે કે, ચેક ''એકાઉન્ટ બ્લોકડ'' ના શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં એ બાબત પણ પુરવાર થયેલ છે કે ચેક રીટર્ન થયા બાદ આરોપીને સમય મર્યાદામાં ધોરણસર ડીમાન્ડ નોટીસ આપવામાં આવેલ છે છતાં તેઓએ નોટીસ મુજબ કોઇ વર્તન કરેલ નથી અને લેણી રકમ વસુલ આપેલ નથી. ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–

૧૩૮ના તત્વો ફરીયાદીના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા થકી આકર્ષાય છે. કલમ–૧૩૯ ના અનુમાન સાથે આ બાબતો જોતા સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે પરંતુ આરોપી સદર પુરાવાનુ ખંડન થાય તેવી કોઇ હકીકત રેકર્ડ પર લઇ આવેલ નથી. આરોપીને કેસના કામે પ્રોસેસની ધોરણસર બજવણી કરવામાં આવેલ છે, ધોરણસર પ્લી પણ રેકર્ડ કરવામાં આવેલ છે અને એ રીતે તેઓ જાણે છે કે તેઓ સામે આ કાર્યવાહી ચાલી રહેલ છે છતાં તેઓ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીના મૌખિક પુરાવાને તથા તેઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને નહી માનવાને કોઇ કારણ નથી.

**(૭.૬)** **સમગ્રપણે** જોવામાં આવે તો, આ કામે ફરીયાદ હકીકત મુજબની કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવી જવાબદારીના બદલામાં તકરારી ચેક આપવામાં આવેલ હોવાનું તથા આ ચેક રીટર્ન થયા બાદ આરોપીને ધોરણસર ડીમાન્ડ નોટીસ આપવામાં આવેલ છતા આરોપીએ સમય મર્યાદામાં લેણી રકમ વસુલ આપેલ નહી હોવાનું પુરવાર થયેલ છે. આ સંજોગોમાં **આરોપીને ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ ના ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે,** એ રીતે મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

સ્થળ : અમદાવાદ

તા.૧૮/૦૪/૨૦૨૬ મોહંમદ સઇદ મહેમુદમીયા શેખ.
૨૭માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪૭, અમદાવાદ શહેર.

## (૭.૭) સજા સંબંધે :–

**(૭.૭.૧)** ઉપરોકત ચુકાદો જાહેર કરતા સમયે આરોપીની ગેરહાજરી છે, આરોપીને ખ્યાલ છે કે તેઓ સામે આ કાર્યવાહી ચાલી રહેલ છે છતાં તેઓ હાજર રહેતા નથી, તેથી કેટલી સજા કરવી જોઇએ તે સંબંધે તેઓ તરફે કોઇ રજુઆત નથી. ફરીયાદી તરફે એવી રજુઆત છે કે આરોપીને કાયદા મુજબ થઇ શકે તે પુરેપુરી સજા કરવી જોઇએ તથા વળતર માટે આદેશ કરવો જોઇએ.

**(૭.૭.૨)** આરોપીને ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવેલા છે, આ પ્રકારના ગુન્હાઓ હાલના સમયમાં વધુને વધુ પ્રમાણમાં બની રહેલ છે, આ કારણે જ કાયદામાં અમુક બાબતો અંગે પ્રિઝમ્પશન કરવા અંગે જોગવાઈ પણ કરવામાં આવેલ છે, હાથ પરના કામમાં આરોપીના માતાએ ફરીયાદી પાસેથી મેળવેલ લોનની રકમની ચુકવણીની જવાબદારી સબંધે વાદગ્રસ્ત ચેક ફરીયાદીને આપેલ અને તે ચેક રીટર્ન થયેલ છે, વધુમાં ત્યારબાદ નોટીસ આપ્યા પછી પણ આરોપીએ ફરીયાદીનાં લેણા નાણા ચુકવી આપેલા નથી, વધુ અગત્યની બાબત એ છે કે કેસના કામે ટ્રાયલ દરમ્યાન હાજર રહેવા માટે પણ આરોપીએ તસ્દી લીધેલ નથી. હાલના યુગમાં કે જયારે લોકો પોતાનો મહત્તમ નાણાકીય વ્યવહાર નેટબેકીંગ, ચેક, વટાઉખત, ક્રેડીટકાર્ડ, ડ્રાફ્ટ વિગેરેથી કરતા થયા છે ત્યારે આ ઈન્સ્ટ્રુમેન્ટ પ્રત્યે લોકોનો ભરોષો ટકી રહે તે જરૂરી છે, પોતાના ખાતામાં ભંડોળ નહી હોવા છતાં ચેક આપવાનુ કૃત્ય લોકોના આવી ઈન્સ્ટ્રુમેન્ટ પ્રત્યેના ભરોસાને તોડે છે, તેથી આ પ્રકારના ગુન્હાને સહજ રીતે ન લઈ શકાય તે સ્પષ્ટ છે. આ સજોગોમાં કેદની સજા સાથે વળતરનો પણ આદેશ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયીક હોવાનું જણાય છે. જેથી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ ::–</u>**

**:: હુકમ ::**

૧. આરોપી **રાજેશ એ.પરમારને** ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૫૫(૨) અન્વયે **ધી.નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮**ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને એક (૦૧) વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કો. કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેક મુજબની રકમ આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ ભરવામાં કસુર કરે તો આરોપી ને વધુ ત્રણ (૩) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના જામીન રદ કરવામાં આવે છે.

૪. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩(૧) અન્વયે સદરહું જજમેન્ટની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

૫. આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરેલ છે તેથી સજા વોરંટ ભરતા પહેલા આરોપીની **ધરપકડ માટેનું વોરંટ** પ્રથમ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તા.૧૮/૦૪/૨૦૨૬ મોહંમદ સઈદ મહેમુદમીયા શેખ.
૨૭માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪૭, અમદાવાદ શહેર.
જી.જે.૦૧૨૦૦

G.C.CHAUHAN.

P.A.